# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો

# શ્રી સમયસાર ગાથા ૩૦૮-૩૧૧, તથા

# કળશ ૧૯૩-૧૯૪ તથા સમયસાર કળશટીકા કળશ-૧૯૪

# રાજકોટ, તા. ૧૯૯૦-૯૧, પ્રવચન LA236

Version 1

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. એનો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. માંગલીકનો શ્લોક થયો. **હવે સર્વવિશુદ્ધજ્ઞાનને પ્રગટ કરે છે.**

મુમુક્ષુ:- ભાઈ એક વાર શ્લોક ફરીથી.

ઉત્તર:- ફરીથી. ભલે. શ્લોક નંબર-૧૯૩.

**ત્યાં પ્રથમ જ, મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છે.** આત્મા જ્ઞાનનો પુંજ, જ્ઞાનનો દરિયો, ઢેર છે ઢેર જ્ઞાનનો. આદિ, મધ્ય, અંતમાં જ્ઞાન, જ્ઞાન ને જ્ઞાન વ્યાપક છે. અસાધારણ આત્માનો ગુણ છે માટે જ્ઞાનપુંજ-આત્મા છે. એ કેવળ જાણવું એનો સ્વભાવ છે. કરવું એના સ્વભાવમાં નથી.

**સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક પ્રકારે નાશ પમાડીને** એટલે અકર્તા એવા સ્વભાવનું અવલંબન લેતાં હું કર્તા-ભોક્તા છું પરભાવ ને પર દ્રવ્યનો, એવી જે મિથ્યાબુદ્ધિ અનંતકાળથી હતી, તે **ભાવોને સમ્યક પ્રકારે** અકર્તા એવા જ્ઞાયકનું અવલંબન લઈને, **નાશ પમાડીને**, કર્તાબુદ્ધિ ને ભોકતાબુદ્ધિનો અભાવ કરીને, **પદે પદે** પર્યાયે પર્યાયે **અર્થાત કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતાં દરેક પર્યાયમાં**, જુઓ! જ્ઞાનની દરેક પર્યાયમાં હું જ્ઞાતા છું એમ આવે છે. કર્તા-ભોક્તા છું એમ હવે આવતું નથી, ટળી જાય છે.

હવે આગળ. **બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો**, એટલે ભાવબંધ ને ભાવમોક્ષની જે પર્યાયો પ્રગટ થાય એનો ઉત્પાદક નથી, એનો રચનારો નથી. કેમકે સ્વયંકૃત છે. બંધ અને મોક્ષના પરિણામ સ્વયંકૃત છે, આત્મકૃત નથી. એટલે એની રચના એનાથી થાય છે પણ આત્માથી થતી નથી. કેમકે આત્મા જ્ઞાતા છે. કર્તા-ભોક્તા આત્માના સ્વભાવમાં નથી એ તો કહેવાય ગયું, માટે એ રચનાથી દૂર છે. એમ. જ્ઞાનપુંજ છે ને? એટલે એનાથી દૂર છે. એનાથી રહિત વર્તતો થકો. એનાથી દૂર વર્તતો થકો, આહાહા!

એ પરિણામની કર્તાપણાની બુદ્ધિથી દૂર રહેતો થકો, **બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો**, એટલે બંધના પરિણામ ને મોક્ષના પરિણામને નહીં કરતો, માત્ર જ્ઞાતાભાવે પરિણમતો, વર્તતો એટલે, ફરીને ૧૯૩ કળશ છે.

**ત્યાં પ્રથમ જ, મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છે.** એમાં કહેવાય ગયું કે આત્મા જ્ઞાનમય છે, જ્ઞાનસ્વરૂપે છે. કેવળ જાણવારૂપે પરિણમે જાણવારૂપે પરિણમે એને અમે આત્મા કહીએ છીએ. પણ કર્તાબુદ્ધિ અને ભોક્તાબુદ્ધિરૂપે પરિણમે એને અમે આત્મા કહેતા નથી. છતાં

અનાદિકાળથી અજ્ઞાનદશામાં કર્તા-ભોક્તાપણાની જો બુદ્ધિ હોય તો આ શ્લોકથી બુદ્ધિ ટળી જશે. એમ કહે છે. અનાદિનું .. આના પછી શ્લોક આવશે. અજ્ઞાનથી કર્તા-ભોક્તા હતો, આહાહા!

કર્તા-ભોક્તા આદિ ભાવોને **સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક પ્રકારે નાશ પમાડીને**, એટલે આત્મા અકર્તા અને અભોક્તા છે, એવા ત્રિકાળ સામાન્ય સ્વભાવરૂપ જ્ઞાનપુંજ આત્માનું અવલંબન લેતાં કર્તાબુદ્ધિ અને ભોક્તાબુદ્ધિ છૂટી જાય છે. **નાશ પમાડીને** એનો અર્થ પર્યાયમાં કર્તાબુદ્ધિ અને ભોક્તાબુદ્ધિ અનાદિની હતી પણ નાશ થઈ જાય છે. કેમકે વિભાવ છે, વિભાવ અનાદિઅનંત ન હોય. અનાદિ સાંત હોય. **નાશ પમાડીને પદે પદે**, પર્યાયે પર્યાયે પ્રત્યેક જ્ઞાનની પર્યાયમાં જાણવારૂપે જ્યારે પરિણમે છે ત્યારે એ **બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો**, એટલે ભાવબંધ અને ભાવમોક્ષ એની કરવાપણાની રચનાથી દૂર વર્તતો એટલે કે જ્ઞાનરૂપે પરિણમતો એટલે કર્તાબુદ્ધિ અને ભોક્તાબુદ્ધિરૂપે નહીં પરિણમતો, નહીં વર્તતો, દૂર વર્તતો.

**[શુદ્ધઃ શુદ્ધઃ] શુદ્ધ-શુદ્ધ અર્થાત જે રાગાદિક મળ તેમ જ આવરણ**, ભાવકર્મથી રહિત અને દ્રવ્યકર્મથી રહિત. શુદ્ધના બે અર્થ કર્યા. **બન્નેથી રહિત છે એવો**, છે એવો, **જેનું પવિત્ર અચળ તેજ**, આ ત્રિકાળીદ્રવ્યની વાત છે. ભાવકર્મ અને દ્રવ્યકર્મથી ત્રણેય કાળ ભગવાનઆત્મા રહિત છે, જ્ઞાતા છે. જ્ઞાતા-દ્રષ્ટા છે. એટલે જે જ્ઞાતા હોય એમાં કર્તા અને ભોક્તાપણું સંભવે જ નહીં, અશક્ય છે. એમ. વળી એ ભાવબંધ અને ભાવમોક્ષ સ્વયં એનાથી રચાય છે, એટલે એને બીજો રચે એની એને અપેક્ષા નથી. સ્વયં રચાય છે એટલે એ પરિણામ બીજાની અપેક્ષા રાખતું નથી અને આ સ્વયં જ્ઞાતા છે એટલે રચી શકતો નથી. જાણે છે. બસ.

**એવો જેનું પવિત્ર** નિર્મળ શુદ્ધ, **અચળ**-ચળાચળ રહિત **તેજ નિજરસના (-જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી ભરપૂર છે એવો, અને જેનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે**, આ શુદ્ધાત્માનો અધિકાર છે, જ્ઞાનપુંજ આત્માનો અધિકાર છે. **જેનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે.** પ્રગટ થાય નહીં. પ્રગટ છે એ દ્રવ્ય છે. **એવો આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે** એટલે દ્રષ્ટિમાં આવે છે. પ્રગટ થાય છે એટલે આવો આત્મા કર્તા-ભોક્તાની બુદ્ધિ ટળી જાય છે એટલે આવો હું છું એમ દ્રષ્ટિમાં પ્રગટ થાય છે. એમ અનુભવમાં આવી જાય છે. પહેલા એમ આવતું હતું કે હું કર્તા-ભોક્તા છું, કર્તાબુદ્ધિ અને ભોક્તાબુદ્ધિ ટળી ગઈ. ત્યારે એના ફળમાં શું આવ્યું? આહાહા! હું ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું. એવો જ્ઞાનપુંજ આત્મા દ્રષ્ટિમાં પ્રગટ થાય છે. જ્ઞાનમાં જણાય છે, દ્રષ્ટિમાં પ્રતીતમાં આવે છે.

**ભાવાર્થ**:- બરાબર છે? બીજી વાર આવ્યું ને? સવાર કરતાં વધારે સ્પષ્ટ આવ્યું.

**ભાવાર્થ:- શુદ્ધનયનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે**, શુદ્ધનયનો જે વિષય નિષ્ક્રિય પરમાત્મા છે, જે પરમાત્મા છે પોતે પરિપૂર્ણ પરમાત્મા જ્ઞાનપુંજ કહ્યો ને? જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે, જે જ્ઞાનપુંજ કહ્યો એના અધર વર્ડમાં (other word) **જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે કર્તા-ભોક્તાપણાના ભાવોથી રહિત છે**, કર્તા અને ભોક્તા એ પરિણામના ધર્મો છે, દ્રવ્યનો સ્વભાવ તો અકારક અવેદક છે, માટે એનાથી આત્મા રહિત છે, ભિન્ન છે. **બંધમોક્ષની રચનાથી રહિત છે.** દૂર છે એટલે રહિત છે. બંધ અને મોક્ષની રચના ન કરે. કરવું સ્વભાવમાં નથી. થાય એને જાણે, છે એને જાણે અને થાય એને પણ

જાણે. બસ જાણવું જાણવું ને જાણવું છે. કરવું-ભોગવવું આત્માના સ્વભાવમાં નથી.

હવે કહે છે કે **પરદ્રવ્યથી** એટલે નિમિત્તથી **અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ છે.** પરદ્રવ્યના સર્વ ભાવો એટલે ચારે પ્રકારના ભાવોથી ભગવાનઆત્મા રહિત છે. એ નૈમિત્તિક ભાવો છે. પરદ્રવ્યનો સદભાવ અને અભાવ જેમાં નિમિત્ત છે એવા સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ છે. રાગથી તો રહિત છે પણ બંધ-મોક્ષના પરિણામથી રહિત છે. ૯ તત્ત્વથી રહિત છે. **પોતાના સ્વરસના પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે.** કાંઈ ફેરફાર ન થાય, અઘટિત ઘાટ છે. **એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.**

અમે તમને બતાવશું હથેળીમાં તમે રુચીની આંખ ઉઘાડી રાખજો, બસ. તમારું કામ થઈ જશે. અમે તમને બતાવશું અને તમે આવા આત્માના દર્શન કરજો. એમ.

**હવે સર્વવિશુદ્ધ જ્ઞાનને પ્રગટ કરે છે. પ્રગટ** કરે છે એટલે પ્રતિપાદન કરે છે, નિર્દેશ કરે છે, દેશનાલબ્ધિ આપે છે. પ્રગટ કરે છે. **તેમાં પ્રથમ આત્મા કર્તા-ભોકતાભાવથી રહિત છે.** ત્યાંથી શરૂઆત કરી. હું જાણનાર છું, કરનાર નથી, જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી. આ કેવળી અને શ્રુત કેવળીઓએ કહેલી વહેણ અને વાત છે. આહાહા! **એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે.** હવે શ્લોક કહે છે. જે કુંદકુંદાચાર્ય ભગવાનની ગાથામાં આવવાનું છે એ ગાથાની પૂર્વ ભૂમિકા બાંધે છે. બોલો.

**कर्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत् ।**
**अज्ञानादेव कर्तायं तदभावादकारकः ॥१९४॥**

**શ્લોકાર્થ:- કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી, જેમ ભોક્તાપણું સ્વભાવ નથી.** જેમ આત્માનો સ્વભાવ ભોક્તાપણું નથી એમ કર્તાપણું નથી. જેમ કર્તાપણું નથી એમ ભોક્તાપણું પણ નથી. કર્તાપણું આ વર્તમાન જેના ઉપર નજર રાખીને હું આ લખું છું એવો મારો અને તમારો આત્મા બધાનો, ચિત્સ્વરૂપ એટલે જ્ઞાનસ્વરૂપ આત્માનો કર્તાપણું સ્વભાવ નથી. જેમ ભોક્તાપણું સ્વભાવ નથી તેમ. એટલે કર્તા અને ભોક્તાથી રહિત કહ્યું હતું ને તે. હવે અનાદિકાળથી અજ્ઞાનથી, છે તો અકારક અને અવેદક, પણ આવા સ્વભાવને અનાદિકાળથી જાણતો નથી એવો અજ્ઞાની જીવ **અજ્ઞાનથી જ તે કર્તા છે, અજ્ઞાનનો અભાવ થતાં તે અકર્તા છે.**

એટલે અજ્ઞાન તો સિદ્ધ કર્યું અને અજ્ઞાન ટળીને જ્ઞાન થાય ત્યારે સાક્ષાત અકર્તા છે. આ અજ્ઞાનથી જ તે કર્તા છે, તે એટલે અકારક-અવેદક જે આત્મા કહ્યો તે કર્તા બનતો નથી. એ તો સામાન્ય પડખું કહ્યું પણ સામાન્ય પડખાને જે સ્વીકાર કરતો નથી અને વિશેષ કર્તાધર્મનો પ્રતિભાસ દેખીને હું કર્તા છું એમ વિશેષ અપેક્ષાએ તેને કર્તા પ્રતિભાસે છે, હું કર્તા છું એવો એને મિથ્યા પ્રતિભાસ થાય છે. હું અકર્તા છું એ છૂટી ગયું, હું જ્ઞાતા છું એ છૂટી ગયું. સહજ ઉદાસીન અવસ્થાએ જ્ઞાતા-દ્રષ્ટા રહ્યો, તેનો ત્યાગ કરીને.

હું કર્તા છું એમ એને ભાસે છે. કર્તાપણું ભાસ્યું એનું પણ કારણ છે, કે પરિણામમાં કર્તા નામનો ધર્મ છે. ક્રિયાના કારક થાય છે. અજ્ઞાનદશામાં પરિણામ પરિણામને કરે છે, રાગને કરે છે,

મિથ્યાત્વભાવને કરે છે. એવા પરિણામના કર્તાધર્મનો જ્ઞાનની સ્વચ્છતામાં પ્રતિભાસ દેખીને, એમાં પ્રતિભાસ બેનો થાય છે. અકર્તા પણ પ્રતિભાસે છે - જ્ઞાયક પણ પ્રતિભાસે છે અને પરિણામનો કર્તાધર્મ પણ પ્રતિભાસે છે. બેનો પ્રતિભાસ એક સમયમાં થાય છે. હવે કોને એ ઉપયોગાત્મક કરે છે અને કોને ઉપયોગાત્મક કરવો છોડી દયે છે એના ઉપર બંધ-મોક્ષની રચના છે.

પરિણામનો કર્તાધર્મ જે અનાદિકાળથી ભેદજ્ઞાનનો અભાવ છે. પરિણામમાં રાગની રચના થયા કરે છે અજ્ઞાનદશામાં એનો કર્તાધર્મનો પરિણામ જણાય છે ઉપયોગમાં. ઉપયોગમાં રાગ નથી. જ્ઞાયકમાં તો રાગ નથી, જ્ઞાયકમાં તો ક્રિયા નથી પણ ઉપયોગમાં પણ રાગની ક્રિયા નથી. પણ એની સ્વચ્છતામાં તે ક્રિયા પ્રતિભાસે છે, તે સમયે હું રાગનો કરનારો, હું રાગ. રાગને જાણે તો હું રાગી, રાગને જાણીને હું રાગી એવી ભ્રાંતિ થઈ તેને અજ્ઞાનદશામાં વિશેષ અપેક્ષાએ તે રાગાદિનો કર્તા થાય છે. વિશેષ અપેક્ષાએ. સામાન્ય પડખું તો એવું ને એવું રહે છે. સામાન્ય અકર્તાનો અભાવ થઈને અકર્તા પોતે પલટીને કર્તા નથી થતો. આ જૈનદર્શનનો મર્મ છે.

આત્મા કર્તા થાય છે એટલે કોણ? મૂળ આત્મા જે અકારક-અવેદક છે તે નિજભાવને છોડે નહીં અને પરભાવમાં જાય નહીં. વિશેષ અપેક્ષાએ તે કર્તા થાય છે. એટલે અકર્તાને કર્તા માને માટે કર્તા થાય છે. છે તો અકર્તા જીવતત્ત્વ, એ જીવતત્ત્વની ભૂલ એનું નામ અજ્ઞાન, અજ્ઞાન છે ત્યાં સુધી કર્તા થાય છે. એમ કહ્યું. અને અજ્ઞાનનો અભાવ થતાં, આહાહા! પોતાનો કાળ પાક્યો ને દેશનાલબ્ધિ મળી કે આત્મા જ્ઞાનપુંજ અકારક-અવેદક છે, એમ દેશના મળી કે તું તો જ્ઞાતા છો ને? આહાહા! અને જ્યાં ભાન થયું ત્યાં ક્રિયા રહી ગઈ પરિણામની, દ્રષ્ટિ અકારક, અકારણ એવા જ્ઞાયક ઉપર ગઈ, સાક્ષાત જ્ઞાતા થઈ ગયો, અજ્ઞાન ટળી ગયું. ક્રિયા રહી ગઈ ને અજ્ઞાન ટળી ગયું. (મુમુક્ષુઃ- કર્તાધર્મ રહી ગયો) કર્તાધર્મ રહી ગયો ને કર્તાબુદ્ધિ વહી ગઈ. (મુમુક્ષુઃ- જ્ઞાતા થયો, અકર્તા થઈ ગયો) અકર્તા, સાક્ષાત અકર્તા થયો. એટલે આ શ્લોકની અંદર એણે કેટલું સમાડી દીધું છે. હેં? (મુમુક્ષુઃ- બધુ આવી ગયું) બધું આવી ગયું આમાં. એ ટુ ઝેડ (A to Z), હોં! આહાહા!

સ્વભાવ પણ બતાવ્યો અને સ્વભાવને ભૂલે તો અજ્ઞાની પણ થાય, પાછો સ્વભાવને યાદ કરે તો જ્ઞાની થાય. જુઓ! અજ્ઞાન એક સમયનું છે, સ્વભાવ ત્રિકાળ છે. અજ્ઞાન એક સમયનું થયું, બીજા સમયે અજ્ઞાન ટળી ગયું, અજ્ઞાન ગયું સાક્ષાત અકર્તા થયો. આહાહા! એક શ્લોકની અંદર બધુ સમાડી દીધું. ત્રિકાળ સ્વભાવ બતાવ્યો, સ્વભાવને ભૂલનારો અજ્ઞાની થયો તો અજ્ઞાન પણ બતાવ્યું અને અજ્ઞાન ટળ્યું એ પણ બતાવ્યું. એટલે પુણ્ય, પાપ, આસ્રવ, બંધરૂપે પરિણમતો હતો હવે તે સંવર, નિર્જરા, મોક્ષરૂપે પરિણમવા માંડયો. નવે તત્ત્વ સમાડી દીધા.

હવે આ શ્લોક લઈ લઈએ આમાંથી. (કળશ ટીકામાંથી) શું છે એ જોઈએ. ૧૯૪. **ચૈતન્યમાત્રસ્વરૂપ જીવનો, જ્ઞાનાવરણાદિ કર્મને કરે અથવા રાગાદિ પરિણામને કરે એવો સહજનો ગુણ નથી.** એવો સ્વભાવ નથી. કરે એવો સ્વભાવ નથી. **'न स्वभावः' 'कर्तृत्वं न स्वभावः'** કરે એવો આત્માનો સ્વભાવ નથી. સ્વભાવ બતાવ્યો પહેલો. **સહજનો ગુણ નથી; [દ્રષ્ટાંત કહે છે]. જેમ જીવ કર્મનો ભોક્તા પણ નથી, જેમ જીવ કર્મનો ભોક્તા પણ નથી** તેમ કર્તા પણ નથી. **ભાવાર્થ આમ છે કે -**

**જો જીવદ્રવ્ય કર્મનો ભોક્તા હોય તો કર્તા હોય.** ભોક્તા હોય તો કર્તા હોય. **તે તો ભોક્તા પણ નથી.** દુઃખનો ભોક્તા પણ નથી તેથી રાગનો કર્તા પણ નથી. દુઃખને ભોગવે છે, હું ભોગવું છું એ કર્તા બને છે. ત્યાંથી ઉપાડયું. કર્તા થાય છે માટે ભોક્તા છે એમ ન લીધું પણ હું દુઃખનો ભોક્તા છું તો એ કર્તા થઈ ગયો. એમ. (મુમુક્ષુઃ- બિલકુલ સાચી વાત છે, એ ક્રમ પણ એવો છે) ક્રમ એવો જ છે. એ આવ્યું છે જૂના કર્મને ભોગવે છે તે નવા કર્મને બાંધે છે, હા, એમ. (મુમુક્ષુઃ- ભોક્તા થાય તે કરતાં થાય) હં.. જૂના કર્મને ભોગવે એ નવા કર્મને બાંધે. એટલે કે દુઃખને ભોગવે તે રાગને કરે. એમ. બરાબર છે? આ તો કેવળી-શ્રુતકેવળીએ કહેલું છે. એ આવે છે ને. મૂળ તત્ત્વ છે. અનંતકાળથી જો દુઃખી થયો હોય તો કર્તાબુદ્ધિથી દુઃખી થયો છે. અજ્ઞાનનું મૂળ કારણ કર્તાબુદ્ધિ છે.

અનંતદુઃખનું કારણ પરિણામમાં કર્તાબુદ્ધિ, પરિણામમાં જ્ઞાતાબુદ્ધિ, દુઃખનું કારણ છે. **તે તો ભોક્તા પણ નથી તેથી કર્તા પણ નથી. આ જ જીવ રાગાદિ અશુદ્ધ પરિણામને કરે છે એવું પણ છે.** કરે છે એવું છે એટલે શું? કોણ કરે છે? **શા કારણથી** કરે છે એવું? રાગને હું કરું એવી બુદ્ધિ કેમ થઈ? કર્તાનો અર્થ કર્યો ને? સંસ્કૃતમાં કર્તા. **રાગાદિ અશુદ્ધ પરિણામને કરે છે એવું પણ છે, તે શા કારણથી** છે કર્તાબુદ્ધિ? **'अज्ञानात् एव' કર્મજનિત ભાવમાં આત્મબુદ્ધિ એવો છે તે મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ તેના કારણે જીવ કર્તા છે.** આહાહા!

(મુમુક્ષુઃ- એ જીવ કર્તા નથી. કર્તા ભાસે છે એ તો મિથ્યાત્વ છે) મિથ્યાત્વ છે. (મુમુક્ષુઃ- અજ્ઞાન છે) અજ્ઞાન છે એનું. (મુમુક્ષુઃ- '**अज्ञानात् एव**') એવ. (મુમુક્ષુઃ- અજ્ઞાનથી જ કર્તા લાગે છે) હં.. કર્તા લાગે છે, કર્તા થતો નથી. કર્તા પ્રતિભાસે છે.

**કર્મજનિત ભાવમાં** ત્યાંથી શરૂઆત કરી. આત્મજનિત ભાવમાં નહીં, આત્મજનિત તો જ્ઞાન છે. કર્મજનિત રાગ છે. બેય એક સાથે પ્રગટ થાય છે. આત્મજનિત જ્ઞાન કહ્યું છે, કર્મજનિત રાગ છે. હવે ત્યાં સુધી વાંધો નથી પણ હવે આગળ વધીને કહે છે. **કર્મજનિત ભાવમાં આત્મબુદ્ધિ.** આ આત્મા છે, આ પરિણામ મારા છે, આ પરિણામનો હું સ્વામી છું, એમ **આત્મબુદ્ધિ એવો છે જે મિથ્યાત્વરૂપ.** આત્મબુદ્ધિને મિથ્યાત્વ કહ્યું. કર્મજનિત રાગ ભલે પ્રગટ થાય, ભલે થાય. (મુમુક્ષુઃ- તે અજ્ઞાન નથી) અજ્ઞાન નથી પણ તેમાં આત્મબુદ્ધિ કરે છે. આત્મબુદ્ધિ કેમ કરે છે કે તેમાં, આત્મબુદ્ધિ છૂટી ગઈ.

અકર્તા જ્ઞાતાભાવનો ત્યાગ કરે છે. સમયે સમયે જ્ઞાતાભાવનો સ્વભાવનો ત્યાગ કરે છે ને પરભાવનું ગ્રહણ કરે છે. પરભાવ એટલે રાગ, રાગમાં આત્મબુદ્ધિ. મારા છે આ પરિણામ મારા છે. આહાહા! અને એ જીવજન્ય માને છે, છે કર્મજન્ય, એમાં આત્મબુદ્ધિ કરતાં શું ભાસે છે? 'હું કરું છું'. મારો ભાવ છે અને હું એનો કરનાર છું. છે કર્મજન્ય. અજ્ઞાનીને પણ જીવજન્ય નથી. **કર્મજનિત ભાવમાં આત્મબુદ્ધિ એવો છે જે મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ, તેના કારણે જીવ કર્તા છે.** તેના કારણે કર્તા છે. આત્મબુદ્ધિ થઈ એમાં એનું નામ કર્તા થયો અજ્ઞાનથી, ભાસે છે.

**ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ રાગાદિ વિભાવપરિણામની કર્તા છે એવો જીવનો સ્વભાવગુણ નથી, પરંતુ અશુદ્ધરૂપ વિભાવપરિણતિ છે.** સ્વભાવગુણ નથી, પરંતુ અશુદ્ધરૂપ વિભાવપરિણતિ છે. (મુમુક્ષુઃ- એ સ્વભાવપરિણતિ પણ નથી) હં.. વિભાવપરિણતિ છે. (મુમુક્ષુઃ- એ સ્વભાવ તો નથી પણ

સ્વભાવપરિણતિ પણ નથી) પરિણતિ પણ નથી. આહાહા! '**तदभावात् अकारकः**' તદભાવાત. (મુમુક્ષુ:-તદઅભાવાત) તદઅભાવાત હં.. જો એટલો ફેર પડ્યો. તદ-અભાવાત, આહાહા! **મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ વિભાવપરિણતિ મટે છે, તે મટતાં જીવ સર્વથા અકર્તા થાય છે.** કથંચિત અકર્તા નહીં. સર્વથા જ્ઞાતા, સર્વથા અકર્તા. એમ. જ્ઞાતા થઈ ગયો. કર્તાબુદ્ધિ ગઈ ને? પરિણામ રહી ગયા. પરિણામ ભલે રહ્યા. આહાહા!

હાથ ભલે હલે, પગ ભલે હાલે, હેં? કર્તાબુદ્ધિ વહી ગઈ. આહાહા! હલતો હાથ બંધ થાય ત્યારે અકર્તા છે એમ નથી. જેમ રાગનો અભાવ થઈ જાય, યથાખ્યાત ચારિત્ર આવે તો રાગનો અકર્તા થાય એમ નથી. કેમકે પહેલા પણ કરતો નહોતો. કર્તા માનતો હતો. માન્યતા ખેંચી લીધી. મિથ્યાત્વ એમાંથી ઊડી ગયું, ખેંચાય ગયું. સ્વયં થાય છે, હું તો જાણનાર છું. (મુમુક્ષુ:- શુદ્ધજ્ઞાન પરિણત જીવ પણ જાણે જ છે) જાણે જ છે. (મુમુક્ષુ:- જ્ઞાતા છે) કરતો નથી. **જીવ સર્વથા અકર્તા થાય છે,** વિશેષ અપેક્ષાએ, ઓમાં ઉપર આવ્યું હતું ને? ઉપર એ જ આવ્યું હતું, આપણે આમાં (સમયસારમાં) અકર્તા થાય છે. એ જ વાત કરી. **અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે.**

**ગાથા ૩૦૮ થી ૩૧૧**

**હવે આત્માનું અકર્તાપણું દ્રષ્ટાંતપૂર્વક કહે છે:-**

**જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,**
**જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.**
**જીવ અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,**
**તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.**
**ઊપજે ન આત્મા કોઇથી તેથી ન આત્મા કાર્ય છે,**
**ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.**
**રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,**
**આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.**

**ઊપજે ન આત્મા કોઇથી તેથી ન આત્મા કાર્ય છે, ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે.** આહાહા!

ગાથાનો **અર્થ:- જે દ્રવ્ય જે ગુણોથી** એટલે એના પરિણામોથી **ઊપજે છે તે ગુણોથી તેને અનન્ય જાણ; જેમ જગતમાં કડાં આદિ પર્યાયોથી સુવર્ણ અનન્ય છે તેમ.**

બીજી ગાથા. **જીવ અને અજીવના જે પરિણામો સૂત્રમાં દર્શાવ્યા છે, તે પરિણામોથી તે જીવ અથવા અજીવને અનન્ય જાણ.**

**કારણ કે કોઇથી ઉત્પન્ન થયો નથી તેથી તે આત્મા (કોઈનું) કાર્ય નથી, અને કોઈને ઉપજાવતો નથી તેથી તે (કોઈનું) કારણ પણ નથી.**

**નિયમથી કર્મના આશ્રયે (-કર્મને અવલંબીને) કાર્યને અવલંબીને, કર્તા હોય છે; તેમ જ કર્તાનાં આશ્રયે કર્મો ઉત્પન્ન થાય છે.** એ અંદર અંદર સાપેક્ષપણું છે, પરથી નિરપેક્ષપણું છે. **બીજી કોઈ રીતે**

**કર્તાકર્મની સિદ્ધિ જોવામાં આવતી નથી.** એમ. એક દ્રવ્યમાં જ કર્તા-કર્મની સિદ્ધિ થાય છે.

**ટીકા:- પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે**, ક્રમબદ્ધ, એક સમય પણ ક્રમમાં ફેર પડે નહીં, કાળમાં ફેર પડે નહીં. એનો કાળ પણ નિશ્ચિત છે અને ભાવમાં પણ ફેર પડે નહીં. સમય નામનો પદાર્થ અનાદિઅનંત જ્ઞાનરૂપે પરિણમે છે અને અજીવ ન જાણવારૂપે પરિણમે છે અનાદિઅનંત, એક જાણવારૂપે પરિણમે છે અને એક ન જાણવારૂપે પરિણમે છે. આ ચોથી (૩૧૧) ગાથા છે એ જરાક સમજવા જેવી છે. કાર્યને આશ્રયે કર્તા અને કર્તાને આશ્રયે કાર્ય. આહાહા!

સ્વજાતિના છે ભાવ, વિજાતિના ભાવની અહીં વાત નથી. આત્મા જ્ઞાનરૂપે જ પરિણમે છે, અનાદિઅનંત. ચેતનારૂપે પરિણમે છે અને જડ જડભાવે પરિણમે છે. **પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે**, પોતાના પરિણામ છે આ. જે ગુણો કહ્યા ને? પર્યાય. **પોતાના પરિણામોથી ઉપજતો થકો**, પરિણામને કરતો થકો લખ્યું નથી. ધ્યાન રાખજો. આત્મા અકર્તા છે એ આમાં સિદ્ધ કરે છે. ક્રમબદ્ધ પર્યાયમાં આત્માનું પર્યાયનું અકર્તાપણું સિદ્ધ કરે છે. ઊપજે છે, પરિણામને ઉપજાવીને પરિણમે છે એમ નથી.

**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો**, ઉપજાવે છે એમ નહીં. કરતો થકો નહીં. કેમકે કર્તાની વાત નથી આમાં. (મુમુક્ષુ:- કર્તાનો તો પહેલા જ નિષેધ કર્યો છે) નિષેધ કર્યો છે. જ્ઞાતા છે. (મુમુક્ષુ:- અને આત્માનું અકર્તાપણું દ્રષ્ટાંતપૂર્વક કહે છે) કહે છે. પહેલું મથાળું જ એ છે. સૂક્ષ્મ વાત છે જરા. (મુમુક્ષુ:- આમાંથી ગુરુદેવે ક્રમબદ્ધ પર્યાય કાઢી છે ને) ક્રમબદ્ધ પર્યાય કાઢી આમાંથી. (મુમુક્ષુ:-એ કેવી રીતે કાઢી?) એવી રીતે કાઢી કે આત્મા પરિણામનો કર્તા નથી અને પરિણામ થયા કરે છે, ને કર્તા નથી તો ક્રમબદ્ધ સિદ્ધ થાય. જો આત્મા પોતાના પુરુષાર્થથી પરિણામને ફેરવી શકતો હોય તો ક્રમબદ્ધ સિદ્ધ ન થાય, ફેરવી શકતો હોય તો અકર્તા સિદ્ધ ન થાય, કર્તા સિદ્ધ થઈ જાય અને કર્તા સિદ્ધ થતાં જ્ઞાતાપણું રહેતું નથી આત્માનું. અને એ જ્ઞાતાપણું ન રહેતાં અજ્ઞાન સિદ્ધ થઈ જાય છે અને કર્તાપણું સિદ્ધ થતાં સર્વજ્ઞની સિદ્ધિ થતી નથી. ક્રમબદ્ધ પર્યાયની સિદ્ધિ થતી નથી.

પદાર્થ ક્રમબદ્ધ પર્યાયે પરિણમે છે, એના સ્વકાળે ઊપજે છે અને સ્વકાળે વિણસે છે. માટે આત્મા અકર્તા સિદ્ધ થાય છે. પરિણામ સ્વયં ક્રમબદ્ધ એના કાળે ક્રમબદ્ધ, ક્રમસર થાય છે. એમાં આત્માની જ્ઞાતાની સિદ્ધિ થાય, અકર્તાની સિદ્ધિ થાય, પર્યાયનું અકર્તાપણું સિદ્ધ થાય, પર્યાય પર્યાયથી થાય એમ સિદ્ધ થાય અને સર્વજ્ઞ ભગવાન આમ જાણે છે એવું એમાં સિદ્ધ થઈ જાય. જો પરિણામને ફેરફાર કરવાની શક્તિ આત્મામાં હોય તો આત્મા અકર્તા રહેતો નથી. આ ત્રિકાળી દ્રવ્યની વાત છે. આત્માનું અકર્તાપણું કહેવું છે ને? જો પરિણામે ઊપજે છે એમ લીધું પણ ઉપજાવે છે એમ ન લીધું. સ્વકાળે એની જન્મક્ષણ છે. આહાહા!

જેમ ૧૦૮ મોતીના દાણાની માળા છે, એક પછી એક, એક પછી એક દાણો, આમ આમ કરે ને? ક્રમબદ્ધ, આહાહા! સાતમા પછી આઠમો જ મણકો આવે. સાતમા પછી નવમો, દસમો ન આવી જાય. આહાહા! તો તો ફરીથી પાછી માળા ફેરવવી પડે. ભૂલ થઈ જાય તો. આ બધું કરેલું છે ને અમે. હું માળા ફેરવતો હતો. પાંચ માળાની પ્રતિજ્ઞા આપી હતી અમારા ગુરુએ. લાલ! પાંચ માળા નમોકાર

મંત્રની. ભલે. આહાહા! એ લાલ કહેતા હતા, અને આ લાલભાઇ કહેતા હતા. લાલભાઇ કહે એટલે ઓલું મને યાદ આવે. આમ જાવ ને હું પગે લાગું ને એને એટલે આમ ભેટી પડે. બાથમાં લઈ લ્યે, બાળ બ્રહ્મચારી, એની વાણી તો આહાહા! એકદમ બળવાન! બાળ બ્રહ્મચારી. એવો અવાજ એનો, માઇકની જરૂર ન પડે એને. પ્રેમ બહુ. અમારા માજી હતા, મહારાજ વહોરવા આવે ને ઘરે, વેરાવળ રહેતો હતો ને, ઘણા વર્ષ પહેલાં, અમારી ઉમર ૧૫-૧૬ વર્ષની, ત્યારની વાત છે. કે આ તમે લાલ લાલ કરો છો, મારા દીકરાને ઉપાડી જાતાં નહીં. માજી બોલ્યા. કહે, ના ના માજી નહીં લઈ જાવ દીકરાને. કેમકે સ્થનાકવાસીમાં બહુ ચાલતું હતું, સમજી ગયા? છોકરો આવે ને (લઈ જાય) (મુમુક્ષુઃ- દીક્ષા આપી દયે) દીક્ષા આપી દયે. આહાહા! પણ સરળ બહુ, બહુ સરળ, બિલકુલ આંખમાં ઈર્ષા નહીં. મેં પલટો લીધો આખો, જરાય ઈર્ષા નહીં. પૂછે, શું વાંચો છો? સમયસાર વાંચું છું. ઘણા જીવો એવા કુણા પણ હોય. ભલે મિથ્યાદ્રષ્ટિ, ગ્રહીત મિથ્યાદ્રષ્ટિ. પણ અમુક પ્રકારની જીવની સરલતા હોય. જેમ ગુરુદેવને લાગ્યું ને કે આ ગુરુ વહ્યા ગયા. સમજી ગયા? આ તત્ત્વ તો એને ન મળ્યું. હવે સ્વર્ગમાં જાઇસ ત્યારે મળીશ એમને. એમ મને આના માટે વિચાર આવ્યો કે જો જીવતા હોત તો તેની પાસે જાત પણ સ્વર્ગવાસ થઈ ગયો.

આહાહા! **પ્રથમ તો જીવ ક્રમબદ્ધ**, ક્રમબદ્ધ જે થાય એ ક્રમ ફેરવી ન શકે કોઈ. એના કાળક્રમમાં પરિણામ આવવાના હોય એને ફેરવવાની શક્તિ જ નથી. જ્ઞાતામાં કર્તાપણું જ નથી. કર્તાપણું હોય તો પરિણામને ફેરવે, ને પરિણામને ફેરવે તો ક્રમબદ્ધ પર્યાય સિદ્ધ ન થાય, તો જ્ઞાતાપણું સિદ્ધ ન થાય, તો ધર્મ કોઈને ન થાય, સર્વજ્ઞ ભગવાન ખોટા થઈ ગયા. આ જીવ આટલા કાળ વિત્યા પછી મોક્ષ-દશાને પામશે એમ કેવળજ્ઞાનમાં નોંધ છે. હેં? નોંધ છે. એ જો ક્રમબદ્ધ છે તો નોંધ છે.

જો આત્મા પરિણામનો કર્તા હોય, તો એ નોંધ ન હોય. આત્માની કર્તાબુદ્ધિ છે, કર્તા તો છે જ નહીં. મિથ્યાબુદ્ધિ છે. કર્તાબુદ્ધિથી પણ એનો ક્રમ ફરતો નથી. આહાહા! (મુમુક્ષુઃ- કર્તાબુદ્ધિમાં પણ ક્રમબદ્ધને તોડવાની તાકાત નથી) તાકાત નથી બિલકુલ. એનો સ્વામી ક્યાં છે. આહાહા! એ તો ષટકારકથી સ્વ અવસરે પ્રગટ થાય છે. ઉત્પાદ સત, વ્યય સત, થવા યોગ્ય થાય છે. પરિણામ થવા યોગ્ય થયા કરે છે. જાણનારો જણાયા કરે છે. ક્રમબદ્ધનું ફળ વીતરાગતા છે. અકર્તાનું ફળ વીતરાગતા છે.

**પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના**, પોતાના પરિણામો છે, હોં! જાણવું-દેખવું એ પોતાના પરિણામો છે. એ અજીવના પરિણામ નથી, જીવનાં પરિણામ છે. **પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે. અજીવ નથી. એવી રીતે અજીવ પણ**, આહાહા! જીવ સિવાય બીજા પાંચ દ્રવ્યો અજીવ છે ને? આ જીવનું સામાન્ય સ્વરૂપ. અને અજીવનું પણ સામાન્ય સ્વરૂપ કહે છે. પુદગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. **અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી.** બેની જુદાઇ બતાવી, બેય પરિણમે છે, ક્રમબદ્ધ પર્યાયે પરિણમે છે. એટલે જીવ પોતાના પરિણામોનો કર્તા નથી, અજીવ પણ ક્રમબદ્ધ પર્યાયે પરિણમે છે એટલે અજીવદ્રવ્ય પણ એના પરિણામનો કર્તા નથી.

એક પુદગલ પરમાણુ પણ એના પરિણામનો કર્તા નથી. સ્પર્શ, રસ, વર્ણ, ગંધની પર્યાયો હોય,

તેમાં ઘણો ફેરફાર થાય પણ પરમાણુ એનો કર્તા નથી, અકર્તા છે. અજીવમાં પણ ક્રમબદ્ધ લીધું ને? એટલે અજીવનું પણ અકર્તાપણું (લીધું). જેમ જીવ સામાન્ય અકર્તા છે એમ અજીવ સામાન્ય પણ અકર્તા છે. **અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી.** હવે દ્રષ્ટાંત આપે છે. **કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે,** શું કામ કહ્યું? કે જેવું સોનું છે પીળું એમ એના પરિણામ પણ પીળાશ ને ચીકાશવાળા હોય, જેવું સામાન્ય ને એવું વિશેષ.

સામાન્યથી વિશેષ જો જુદું હોય તો તાદાત્મ્ય ન હોય અને સામાન્યથી વિશેષ જુદું હોય તો ક્રમબદ્ધ સિદ્ધ ન થાય. જેવું સામાન્ય એવું વિશેષ છે. અને સામાન્ય વિશેષરૂપે પરિણમે છે પર્યાય અપેક્ષાએ, તો તાદાત્મ્ય થઈને પરિણમે છે તો જેવું સામાન્ય એવું વિશેષ છે. સામાન્યથી જુદું વિશેષ હોય તો એ એના પરિણામ જ નથી. રાગાદિ જીવનાં પરિણામ જ નથી, જ્ઞાનાદિ પરિણામ છે. જીવ અનાદિઅનંત જ્ઞાનરૂપે પરિણમે છે. (મુમુક્ષુઃ- રાગનું તાદાત્મ્ય જીવ સાથે નથી, અજીવ સાથે છે) અજીવ સાથે છે. એ ક્યાં રાગરૂપે પરિણમે છે. આહાહા! અકર્તા આત્માનું સ્વરૂપ ક્રમબદ્ધ પર્યાય દ્વારા આત્મા અકર્તા સિદ્ધ થાય છે. એટલે જ્ઞાતા થઈ જાય છે સાક્ષાત. પરિણામ થવા યોગ્ય થયા કરે છે. જાણનારો જણાયા કરે છે. જાણવારૂપે જ પરિણમે છે.

**સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે,** સ્વજાતિના. સ્વજાતિનું દ્રવ્ય-સ્વજાતિના પરિણામ સાથે તાદાત્મ્ય છે **તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.** પોતાના પરિણામ એટલે સ્વભાવભૂત પરિણામ. વિભાવભૂત પરિણામ ન લેવા. (મુમુક્ષુઃ- જેમાં પોતે જણાય છે એ પોતાના પરિણામ છે) હા, પોતે પોતાને જાણવારૂપે પરિણમે છે એ જ્ઞાનના પરિણામની સાથે તાદાત્મ્ય છે જીવને. આહાહા! જે ૧૭ મી ૧૮ મી ગાથાની ટીકામાં કહ્યું ને. જ્ઞાન ને આત્મા તાદાત્મ્ય છે તો પછી જ્ઞાનને સેવવું એ શા માટે ઉપદેશ આપે છે? કે તારી એટલી વાત તો સાચી, તાદાત્મ્ય છે, આહાહા! એટલી વાત સાચી, પણ છતાં તું એક સમય જ્ઞાનને સેવતો નથી. કેમકે તાદાત્મ્યનો અર્થ સ્વીકાર્ય ક્યાં કર્યો છે? એ તો રાગની સાથે તાદાત્મ્ય માને છે, એમ.

દ્રષ્ટાંત પણ જેવું સ્વરૂપ એવા જ એના પરિણામ, એની સાથે તાદાત્મ્ય લીધું. **આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં (તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી.)** પોતાના પરિણામોથી ઉપજે છે, ઊપજાવતો નથી. સ્વયં ઉપજે છે પરિણામ, તે રૂપે પોતે પરિણમી જાય છે. **પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી.** જીવ પોતાના પરિણામોથી જ્ઞાનરૂપે, જાણવારૂપે પરિણમે છે, તેને અજીવની સાથે, પુદગલ સાથે, કે બીજા જીવો પણ અજીવમાં લઈ લેવા. તેની **સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી.** આત્મા કાર્ય પણ નથી અને આત્મા કોઈનું કારણ પણ નથી. કાર્યકારણભાવનો અભાવ છે. પ્રત્યેક પદાર્થમાં.

જીવમાં જીવનો અને અજીવમાં અજીવનો. અજીવનું કોઈ કાર્ય નથી અને અજીવ કોઈનું કારણ નથી. અજીવ કોઈનું કારણ નથી, અજીવ કોઈનું કાર્ય નથી. જીવ કોઈનું કારણ નથી અને જીવ કોઈનું કાર્ય નથી. આહાહા! સ્વતઃસિદ્ધ પદાર્થ વસ્તુ છે. નિરપેક્ષ, દ્રવ્ય પણ નિરપેક્ષ અને પર્યાય પણ

નિરપેક્ષ. સત અહેતુક, બેય સત સિદ્ધ થઈ ગયું. કાર્યકારણ નથી ને એટલે. એટલે નિમિત્ત-નૈમિત્તિક નથી. આ જગતમાં કોઈ નિમિત્ત નથી, તે કહ્યું. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જ્યારે કહેવો હોય ત્યારે કારણકાર્ય વ્યવહાર કહેવાય. અહીં તો એ વાત છે નહીં. અહીં તો આત્મા અકર્તા-જ્ઞાતા છે.

**કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી. કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે**, લ્યો! **ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે.** ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે. બીજો ઉપજાવે અને અહીંયાં જ્ઞાન પ્રગટ થાય, શાસ્ત્રથી જ્ઞાન થાય, આહાહા! અને જ્ઞાનથી જ્ઞેયમાં ફેરફાર થાય એમ છે નહીં. **તે (કાર્યકારણભાવ) નહીં સિદ્ધ થતાં, અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી.** અજીવને જીવનું કર્મપણું, જીવનું કાર્યપણું, જીવ કર્તા બને અને અજીવ એનું કર્મ બને એમ કર્તા-કર્મ બે દ્રવ્ય વચ્ચે હોતું નથી.

અજીવને જીવનું કર્મપણું, જીવ કર્તા બને અને અજીવ એનું કાર્ય બને-કર્મ બને એમ સિદ્ધ થતું નથી. અને **તે અજીવને જીવનું કર્મપણું નહીં સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી.** ઓલું કાર્યપણું સિદ્ધ થતું નથી એટલે જીવને, ઓને અજીવને કહ્યું હતું. અજીવને જીવનું કર્મ નથી અને જીવને અજીવનું કર્તાપણું નથી. જીવ કર્તા પણ નથી અને જીવ કાર્ય પણ નથી. એમ. **જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી.** રાગને કરે ને કર્મને કરે ને હાથ-પગ ચલાવે, આ રોટલી, દાળ, ભાત, શાક કરે અને રોટલીના બટકા કરે એમ સિદ્ધ થતું નથી. બહુ વિસ્તાર આનો જેટલો કરવો હોય એટલો થઈ શકે છે. આપણે ટૂંકામાં લઈએ છીએ. આપણે જે ઘરમાં સ્વાધ્યાય કરીએ છીએ ને એમાં આપણે ટૂંકાણમાં લઈ અને સમજી લઈએ તો લંબાવવાનો કોઈ અર્થ નથી. આહાહા! બોલો આમાં છે કાંઇ ચર્ચા? બોલો, હોય તો કહો.

અહીંયા પરની સાથે કાર્યકારણનો અભાવ છે, સ્વની સાથે કાર્યકારણનો, કર્તાકર્મનો સદભાવ છે. સદભાવ એટલે પરિણામને કરે એમ નહીં. પરિણામરૂપે ઉપજે છે અને એની સાથે તાદાત્મ્ય છે. એમ. પણ એને કરે છે ને તાદાત્મ્ય છે એમ નહીં, ઉપજે છે અને તાદાત્મ્ય છે. (મુમુક્ષુઃ- ઉપજે છે અને તાદાત્મ્ય છે) ઉપજે છે અને તાદાત્મ્ય છે. એ કર્તા થઈને જ્ઞાનની સાથે તાદાત્મ્ય થાય છે એમ નથી. આત્મા કર્તા થાય અને જ્ઞાનની પર્યાય એનું કર્મ થાય એવું કર્તા કર્મનું અનન્યપણું આમાં નથી. (મુમુક્ષુઃ-સૂક્ષ્મ વાત છે) સૂક્ષ્મ વાત છે એટલે કહ્યું. (મુમુક્ષુઃ-એટલે આત્મા પર્યાયમાં તાદાત્મ્ય થઈને પર્યાયને કરે એમ નહીં) નહીં. (મુમુક્ષુઃ- પર્યાય ઉપજે છે સ્વયં એનાથી આત્મા તાદાત્મ્ય છે) એ સમયે આત્મા તાદાત્મ્ય છે. એ કરે છે અને ઉપજે છે, ઉપજે છે માટે અનન્ય છે એમ નથી. કેમકે પરિણામને ઊપજાવતો જ નથી.

ઉપજતા પરિણામને ઊપજાવતો નથી, છતાં ઉપજે છે. ઊપજતો ભાવ તાદાત્મ્ય છે, તાદાત્મ્ય હોય છતાં કર્તા નથી. લખી લેવા દયો, પછી ચર્ચા કરીએ. સૂક્ષ્મ છે. ખોલશું. બહેન જરા લખી લ્યે ને.. પહેલાં જીવથી વાત કરી. પછી પુદગલની વાત કરશે, સોનાની વિગેરે. જીવ નામનો પદાર્થ છે (તે) પોતાના ગુણરૂપે પરિણમે છે. ઊપજતો થકો જીવ જ છે અને ઉપજતા પરિણામની સાથે તેનું તાદાત્મ્યપણું છે સમયવર્તી. એ કહેવાની કાંઇ જરૂર નથી. પણ આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રના

પરિણામને સમ્યક એનો કર્તા થઈ અને એ કર્મ થયું માટે કર્તાકર્મનું અનન્યપણું છે એમ નથી. કર્તાકર્મનું અનન્યપણું નથી, દ્રવ્ય ને પર્યાયનું અનન્યપણું છે. એટલે આત્મા અકર્તા છે.

આત્માને અકર્તા સિદ્ધ કરવો છે, બેન અહીંયા. (મુમુક્ષુ:- દ્રષ્ટિનો વિષય સુરક્ષિત રાખે છે) સુરક્ષિત રાખ્યો. અને પરિણમે છે ક્રમબદ્ધપર્યાયે. ઉપજે છે, ઉપજતા ભાવની સાથે તન્મય છે. પણ એને ઊપજાવીને તન્મય થાય છે એમ નથી. (મુમુક્ષુ:- ઓહો! બહુ સૂક્ષ્મ વાત છે આ તો) સૂક્ષ્મ વાત છે આ. બેન! કેમકે આત્માને કર્તા ને પરિણામને કર્મ એમ અહીં લેવું નથી. (મુમુક્ષુ:- એ વાત નથી અહીંયા) હં.. એ છઠી ગાથામાં કર્તાકર્મનું અનન્યપણું એ વાત અહીં નથી. ભાઈ સમજ્યા તમે? પદાર્થની સિદ્ધિ કરે છે, અને જડ અને ચેતન પરિણામે ઊપજે છે પણ પરિણામને કરે છે એમ નથી. જડ જડના પરિણામને કરતો નથી. ચેતન ચેતનાને કરતો નથી.

ચેતનાપણે ઊપજે છે પણ ચેતનાને ઊપજાવતો નથી. જો ચેતનાને ઉપજાવે તો આત્મા અકર્તા રહેતો (નથી). આત્માને અકર્તા સિદ્ધ કરવો છે અહીંયા. અને છતાં ઊપજે છે એ સિદ્ધ કર્યું. ઉપજતા પરિણામ સાથે તાદાત્મ્ય છે તોપણ કર્તા નથી એનો. કેમકે ક્રમબદ્ધ પર્યાય લેવી છે ને તો ક્રમબદ્ધ પર્યાયમાં તો આત્મા અકર્તા હોય તો જ સિદ્ધ થાય ને. કર્તા જો કહેશો તો ક્રમબદ્ધ પર્યાય ક્યાં રહી? તો તો વીતરાગતા જ ન રહી. તો કર્તાબુદ્ધિ થઈ ગઈ પરિણામમાં, બેન! બંધ-મોક્ષની પર્યાયથી રહિત આત્મા છે. રચનાથી દૂર છે. આહાહા! એમ કહ્યું ને?

અહીંયા કહે છે કે જીવ જ્ઞાન-દર્શન, જાણવા-દેખવારૂપે પરિણમે છે, અનાદિઅનંત. પરિણમે છે, પરિણમે છે છતાં એ પરિણામનો કર્તા નથી. (મુમુક્ષુ:- હા બસ એ વાત છે) જ્ઞાતા છે. એનો જ્ઞાતા છે કર્તા નથી. અને પરિણમે છે તેથી એનું તાદાત્મ્યપણું પણ છે. તાદાત્મ્યપણું હોવા છતાં પણ કર્તા-કર્મ નથી. કેમકે આત્મા કર્તા થતો જ નથી. અહીં તો અકર્તા કાયમ રાખવો છે અને પરિણામનું કર્મપણું કાયમ રખવું છે. અહીં અકર્તા કાયમ રાખવો છે અને પરિણામનું કર્મપણું, આહાહા! (મુમુક્ષુ:-કર્તાધર્મ) કર્તાધર્મ છે કે નહીં? બેય નિરપેક્ષ, બેન! અકર્તા પણ નિરપેક્ષ અને કર્મ પણ નિરપેક્ષ. બેયને સત જો. બેયને સત જુઓ ત્યારે ખ્યાલ આવશે.

જીવસ્વભાવ પણ સત અને ઊપજતી પર્યાય પણ સત એટલે કર્તા-કર્મ ન હોય. એ કર્તા-કર્મ કહ્યું એ વ્યવહાર છે. આ ક્રમબદ્ધ પર્યાય છે, અકર્તા એ નિશ્ચય છે. ઓલું જે કર્તા-કર્મનું અનન્યપણું કહ્યું, પોતે પોતાને જાણે છે માટે પોતે કર્તા ને પોતે જણાયો માટે પોતે કર્મ, સમજી ગયા? એ વ્યવહાર થઈ ગયો.

આ તો અનાદિઅનંતની વાત છે. આ અનાદિઅનંતની વાત છે. (મુમુક્ષુ:- પરિણમે છે છતાં પણ પરિણામને કરતો નથી) કરતો નથી, કેમકે અકર્તા છે, કેમકે નિષ્ક્રિય છે, આહાહા! (મુમુક્ષુ:- અનન્યપણું છે પણ કર્તા-કર્મપણું નથી) નથી. અનન્યપણું છે પણ કર્તા-કર્મપણું નથી. કેમકે બે સત વચ્ચે કર્તા-કર્મ ન હોય. બે સત વચ્ચે જ્ઞાતા-જ્ઞેય કહો કથંચિત, પણ કર્તા-કર્મ ન હોય. કેમકે આત્મા અકર્તા છે.

આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે. એ આ. સૂક્ષ્મ છે. પરિણમે છે છતાં પરિણામનો (કર્તા નથી) એને ઊપજાવે છે એમ લખ્યું નથી, ઊપજતો, ઊપજતો, ઊપજતો, ઊપજતો શબ્દ વાપર્યો

છે. એટલે કર્તા આત્મા છે એમ લીધું જ નથી ક્યાંય. અજીવ પણ પોતાના પરિણામે ઊપજે છે, જીવ પણ પોતાના પરિણામે ઊપજે છે. તો ઉપજતા પરિણામની સાથે તાદાત્મ્ય છે. બસ એટલું જ. (મુમુક્ષુઃ- રાગાદિભાવરૂપે તો ઊપજતો નથી ને એની સાથે તાદાત્મ્ય પણ નથી) ના, એનો તો પ્રશ્ન જ નથી, ના એની વાત જ નથી. એ રૂપે તો પરિણમતો જ નથી, રાગરૂપે તો આત્મા પરિણમતો જ નથી. એટલે એ વાત નથી. જ્ઞાનરૂપે પરિણમે છે. (મુમુક્ષુઃ- પણ જ્ઞાનનો કર્તા નથી) નથી.

કેવળજ્ઞાનરૂપે પરિણમે છે પણ કેવળજ્ઞાનનો કર્તા નથી થતો. એક સમયમાત્ર પણ થતો નથી. અને કર્તા-કર્મ કહેવું, કર્તા કહેવો એ વ્યવહાર થઈ ગયો. અકર્તાને કર્તા કહેવો એ વ્યવહાર થઈ ગયો. આ તો નિશ્ચયની વાત છે. અને કર્તા કહેશો તો ક્રમબદ્ધ પર્યાય સિદ્ધ નહીં થાય. તો આત્માનો અધિકાર પર્યાય ઉપર આવી જાશે. આત્માને કર્તા કહેશો તો પર્યાય ઉપર અધિકાર આત્માનો આવી જાશે. જેવી પર્યાય કરવી હોય એવી કરી શકે. જેવી પર્યાય કરવી હોય એવી કરી શકે, જો આત્મા કર્તા હોય તો. પણ બિલકુલ કર્તા નથી, અકર્તા જ છે. (મુમુક્ષુઃ- પરિણમે છે છતાં અકર્તા છે?) અકર્તા છે. બેન!

શુદ્ધજ્ઞાન પરિણત જીવ પણ, શુદ્ધજ્ઞાન પરિણત જીવ પણ જાણે છે કરતો નથી. એ આ. એ મર્મ. એ આધાર તમને આપ્યો. ઓલું કર્તા-કર્મ એ તો વ્યવહાર થઈ ગયો. પરિણમે માટે કર્તા ને પરિણામ તે કર્મ, ને અનન્ય છે એ તો અકર્તાને કર્તા કહેવો એ તો ઉપચાર થઈ ગયો, બેન! આ ઉપચારના અભાવની વાત છે. આ જે ઉપચારથી કર્તા નથી તે આ. પરિણામનો ઉપચારથી પણ કર્તા નથી, એ અકર્તા છે. એવી અલૌકિક વાત આમાં ભરી છે. હવે ખ્યાલ આવ્યો? (મુમુક્ષુઃ- કર્તા-કર્મનું અનન્યપણું એ વ્યવહાર છે, આ નિશ્ચય યથાર્થ સ્વરૂપ છે આ) આ એનું મૂળ સ્વરૂપ છે. નિષ્ક્રિય છે પરમાત્મા અકર્તા છે. આહાહા! (મુમુક્ષુઃ- 'અકર્તૃત્વશક્તિ અખંડ રીતિ ધરે ઈ') અખંડ રીતિ ધરે ઈ.

જો તમે પરિણામને કરે છે એમ લ્યો! સમજી ગયા? તો ક્રમબદ્ધ પર્યાય સિદ્ધ નહીં થાય અને આત્માનું અકર્તાપણું સિદ્ધ નહીં થાય. એમ સર્વજ્ઞ પણ સિદ્ધ નહીં થાય. આ જેટલો વિસ્તાર આનો કરવો હોય એટલો થઈ શકે છે. જીવ પોતાના ગુણોરૂપે ઊપજે છે, અજીવ એના ગુણોરૂપે ઊપજે છે, એના પરિણામરૂપે ઊપજે છે, પર્યાય. ગુણ એટલે પર્યાય. ઊપજાવતો નથી અને પરિણામથી ઊપજે છે ત્યારે તન્મય છે. તન્મય છે છતાં પણ કર્તા નથી. તન્મય કહ્યું ને છતાં પણ અકર્તા રહી ગયો. (મુમુક્ષુઃ- તન્મય કહ્યું ને છતાં પણ અકર્તા રહી ગયો?) અકર્તા રહી ગયો, હા. તન્મય કહીને પદાર્થની સિદ્ધિ કરી. છતાં અકર્તાપણું રાખ્યું સુરક્ષિત, આહાહા! નહીંતર આ અધિકાર સિદ્ધ નહીં થાય, જો કર્તા કહેશો તો.

ક્રમબદ્ધ પર્યાયમાં આત્માનું અકર્તાપણું, 'द्रष्टान्तपुरस्सरमाख्याति' એમ છે ને? (મુમુક્ષુઃ- અકર્તાપણું સિદ્ધ કરે છે) અકર્તાપણું સિદ્ધ કરે છે. તો જો તમે તાદાત્મ્ય છે એટલે કર્તા થઈ ગયો એમ જો તમારી બુદ્ધિમાં આવશે તો દ્રષ્ટિનો વિષય ગૂમ થઈ જશે. એ કર્તા-કર્મનું અનન્યપણું છે તે વ્યવહાર કહ્યું છે. (મુમુક્ષુઃ- ઉપચાર છે એ તો) ઉપચાર છે. અહીંયા ઉપચારનો નિષેધ છે. બસ. પાંચ પ્રતિક્રમણની ગાથામાં જે છે અથવા ગુરુદેવે જે કહ્યું કે નિર્મળ પર્યાયનો ઉપચારથી પણ કર્તા નથી. એ આ.

અકર્તા, ત્રણે કાળ અકર્તા. ઉપચારથી કર્તા છે રહેવા દે. કેમકે બે વચ્ચે કારણકાર્ય નથી.

અહીંયા તો જીવ ને અજીવ વચ્ચે કારણકાર્ય નથી પણ અંદરમાં પણ કર્તા-કર્મ નથી. આહાહા! કેમકે અહીંયા પાઠ છે અકર્તાનો. હવે અકર્તાનું મથાળું બાંધ્યું. અને આત્મા પોતાના પરિણામને કરે તો અકર્તા ક્યાં રહ્યો, બેન! અને પરિણામે પરિણમે છે એ વાત હકીકત છતાં અકર્તાપણું કાયમ અને પરિણામ સાથે તાદાત્મ્ય એક સમય પૂરતું થાય એ સાચું તોપણ કર્તા નથી. આહાહા! એમ જ્ઞાનમાં જણાય છે, એમ જ્ઞાનમાં જણાય છે કે 'હું અકર્તા છું' આહાહા! બહુ સૂક્ષ્મ છે.

જ્ઞાયક તત્ત્વ એને કર્તાપણું લાગું નથી પડતું. તમે એને કર્તા કહેશો તો જ્ઞાતા રહેતો નથી. અકર્તા કહેશો તો જ્ઞાતા રહેશે. અકર્તા કહેશો તો તો જ્ઞાતા રહી જાશે. એટલે આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે ત્યારે જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં આવી નથી. માટે આત્મા કર્તા અને જ્ઞાન કર્મ, ખટક્યું હતું ને અમને, તે આ. (મુમુક્ષુઃ- એટલે ખટક્યું) એટલે ખટક્યું. (મુમુક્ષુઃ- ઓલો ઉપચાર હતો) ઉપચાર હતો. વ્યવહાર હતો. ઉપચાર ખટક્યો. એટલે યથાર્થ જવાબ આવી ગયો, કુંદકુંદભગવાનનો મૂળ. આહાહા! ઉપચારથી કર્તા નથી, એ ગુરુદેવનું વચન નીકળ્યું. આહાહા! પ્રમોદનો પાર ન રહ્યો. ડિપોઝિટ (deposit) હતું, ડિપોઝિટ. પાંચરતનના સ્વાધ્યાયમાં, આહાહા! અંદરથી સંતોષ ન થાય, અંદરથી. વાત તો કરેલી. ભલે આપણે શ્રવણબેલગોલામાં, પણ સંધ્યાબેન! મને પૂરો સંતોષ નથી થતો. એ જંગલમાં આવી ગયું. સંધ્યાબેન! ઉપચારથી કર્તા નથી. આમ કુંદકુંદાચાર્ય ભગવાન કહેવા માંગે છે.

અહીંયા એ જ કહે છે. જ્ઞાતાને કર્તાપણાનો ઉપચાર ખટકે છે. જાણે, એ જાણવારૂપે પરિણમે એ પરિણામનો પણ આત્મા કર્તા નથી. (મુમુક્ષુઃ- એ તો સિદ્ધ કરવું છે) એ તો સિદ્ધ કરવું છે. અને પરિણામથી તાદાત્મ્ય થાય તોપણ કર્તા નથી. એટલે અકર્તા ત્રિકાળ રહે છે. જેટલી કર્તાની વાત આવે એ ઉપચાર સમજવો. એ વ્યવહારનયનું વાક્ય છે. શ્રદ્ધા કરને કે કાબિલ નહીં હૈ. આ શ્રદ્ધાનો વિષય બતાવવો છે. આહાહા! સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર એટલે? શુદ્ધદ્રવ્યનો અધિકાર. શુદ્ધાત્મદ્રવ્યનો અધિકાર એવું મથાળું બાંધ્યું કળશ ટીકાકારે. આહાહા! શુદ્ધાત્મદ્રવ્ય કહે અને પછી એને કર્તા? તો દ્રવ્ય સિદ્ધ નહીં થાય, કેમકે દ્રવ્ય અકારક, અવેદક છે, એમ પહેલેથી કહેતા આવીએ છીએ. (મુમુક્ષુઃ- કર્તા-ભોક્તા-પણાથી રહિત છે) રહિત છે.

પોતાના પરિણામનો કર્તા-ભોક્તા નથી એ તો કહેવું છે અહીંયા. અહીં પરની સાથે ક્યાં વાત છે? (મુમુક્ષુઃ- આપે દ્રષ્ટાંત આપ્યું એ બહુ સરસ, જ્ઞાન પરિણત જીવ પણ અકર્તા ને અભોક્તા છે) હં.. એ કહેવું છે અહીંયા. જ્ઞાન પરિણત જીવ પણ પરિણામનો કર્તા નથી. જાણનાર છે, બસ. (મુમુક્ષુઃ- પર્યાયરૂપે પરિણમે છે, એક સમય પૂરતું તાદાત્મ્ય છે પણ) એ પરિણામનો જે કર્તા કહ્યો એ ઉપચારનું કથન છે. અનુપચારે શું છે? અનુપચારથી જુઓ તમે? અનુપચારથી જુઓ તો પરિણામનો કર્તા પરિણામ છે. આત્મા તો અકર્તા રહી ગયો છે અનાદિઅનંત. અનુપચારથી જુઓ તો, એ અહીંયા અનુપચાર બતાવે છે. જિનાગમમાં નિશ્ચયનું હસ્તાવલંબ જાણી વ્યવહાર(નો ઉપદેશ) બહુ કરવામાં આવ્યો છે, પણ એનું ફળ સંસાર છે. એ આ.

એમ જ્ઞાનની પર્યાયનો કર્તા છે, આહાહા! એ ખટકે જ્યારે ત્યારે સમજી લેવું કે આ પાત્ર છે. હું

પલંગ ઉપર સૂતો હતો, બાપુજી આંટા મારે, દિવાનપરાની ઓફિસમાં. મોટી ઓફિસ હતી ને. સાંજનો ટાઇમ, લેટી જાવાની મારી ટેવ છે થોડી વાર. બાપુજી આંટા મારે, બાપુજી! આ કર્તાકર્મ અધિકારમાં આત્મા, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં આવી નથી, માટે આત્મા કર્તા છે અને જ્ઞાન આત્માનું કર્મ છે, બાપુજી! મને ખટકે છે. તારી વાત સાચી છે. આમ કીધું, તારી વાત સાચી છે, બોલો! બાપ દીકરો બેય એક થઈ ગયા. નિર્મળ પર્યાયનો ઉપચારથી પણ કર્તા નથી. આહાહા! આવી વાત તમે ગોતવા જાવને શાસ્ત્રમાંથી તો મળે નહીં. ઉપચારથી કર્તા નથી, એવા શબ્દ નહીં મળે. એ તો જ્ઞાનીના જ્ઞાનમાંથી આવશે. શબ્દ નહીં મળે તમને.

કર્તાબુદ્ધિનું શલ્ય, સંધ્યાબેન! અનંત દુઃખનું કારણ છે. છે અકારક ને અવેદક, જ્ઞાતા કેવળ જ્ઞાતા. પરિણમે તોપણ કર્તા નથી. (મુમુક્ષુઃ- મને થાય છે, આ શું?) આ શું? રહસ્ય છે. (મુમુક્ષુઃ- આ વાત કરો આપ. પરિણમે છે છતાં પણ કર્તા નથી) નહીં, કર્તા નથી. કેમકે તો તો અકર્તા રહેતો નથી. પરિણમે ને કર્તા થઈ જાય તો અકર્તા રહેતો નથી. અને જો કર્તા થાય તો પરિણામ સત રહેતું નથી અને દ્રવ્ય અકર્તા રહેતું નથી. દ્રવ્ય કર્તા થઈ જાય તો પરિણામ સતનો નાશ થઈ જાય અને અકર્તાનું ખૂન થઈ જાય, કર્તા બની જાય તો. કર્તા એક સમય માત્ર થતો નથી, આહાહા! કોઈ ઉપચારથી કર્તા કહે તો ઓલો બેઠો બેઠો કહે છે મને આળ દયો નહીં, હું અકારક ને અવેદક છું.

પરમાત્મા અંદર બેઠો છે, હોં! હું અકારક ને અવેદક છું, મને કર્તાપણાનો આરોપ ન આપો. કેમકે હું કર્તા છું નહીં, હું તો જ્ઞાતા છું. આહાહા! અકર્તાનો પણ જ્ઞાતા અને પરિણામ સ્વયં ક્રમબદ્ધ થાય એનો પણ? એનો જ્ઞાતા. એટલું કહેવું હોય તો કહો પણ હું એ પરિણામને કરું છું, આહાહા! તો મારું અકર્તાપણું રહેતું નથી, પર્યાય ક્રમબદ્ધ સિદ્ધ થતી નથી, સર્વજ્ઞ ભગવાનનું જ્ઞાન ખોટું પડી જાય. જ્ઞાતાનો સ્વીકાર કરે એ અનંતો પુરુષાર્થ છે. જ્ઞાતાના સ્વીકારમાં કર્તાબુદ્ધિ છૂટી જાય છે. હું જાણનાર છું ને કરનાર નથી. કરનાર નથી એમાં બધુ જાય છે, ઉપચારથી પણ જાય છે, હોં! બધુ ગયું. આવ્યું કે નહીં? આવ્યું આવ્યું.

આહાહા! હું જાણનાર છું, કરનાર નથી, જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી. આ કેવળી ને શ્રુતકેવળીએ કહેલી વાત છે, આહાહા! સવારે બહુ ચાલ્યું હતું, પણ બેન કહે ખોલજો. મને ગમે, મને ગમે. એણે કહ્યું એ મને ગમે એટલે કહ્યું. આહાહા! આ ઇમ્પોર્ટેડ (imported) માલ છે, ઇમ્પોર્ટેડ માલ બહુ ઊંચો. હેં! લોકો ખરીદ કરવા જાય, આ સિંગાપોર ને હોંગકોંગ ગયા તો ઇમ્પોર્ટેડ મશીન લાવ્યા. સમજી ગયા? આહાહા! એમ આ આત્મા જાણનાર છે કરનાર નથી. જાણનાર જણાય છે પરદ્રવ્યને જાણતો નથી. આહાહા! કેવળી-શ્રુતકેવળીએ કહેલું આ વાત છે. ત્યાંની વાત છે. આહાહા!

આત્મા અકારક ને અવેદક છે. ક્રમબદ્ધ પર્યાયે ઊપજે છે પણ ઊપજાવતો નથી. ઉપજતા ભાવથી તન્મય છે છતાં કર્તા થતો નથી. પરિણમે છતાં કર્તા થતો નથી અને પરિણમે ને કર્તા કહેવો એ ઉપચારનું કથન એટલે ખોટું, ઉપચાર એટલે ખોટું. ઉપચારથી જ્ઞાનનો કર્તા કહેવો એનો અર્થ વ્યવહારથી કર્તા, એટલે એમ છે નહીં. એમ છે નહીં. આહાહા! (મુમુક્ષુઃ- ઓમાં તો અકર્તાને કર્તા કીધો એટલે ઉપચાર, એ બરાબર નથી) નહીં, બરાબર નથી. (મુમુક્ષુઃ- અહિયાં તો અકર્તાને પણ રાખ્યો ને

પરિણમનને પણ રાખ્યું, બન્નેને રાખ્યું, બન્નેનો જ્ઞાતા છે) જ્ઞાતા છે.

અનન્ય હોવા છતાં પણ કર્તા-કર્મ નથી. કર્તા પણ નથી ને અકર્તા રહે છે. આ અકર્તા રહે છે ને તે કર્તા બને છે. એક અકર્તા રહી ગયો ને બીજો સત કર્તા રહી ગયો. તો જો સ્વયં કર્તા છે તેને આત્માના કર્તાપણાની અપેક્ષા આવતી નથી. ભૂતાર્થનયે તું જ્ઞાનની પર્યાયને જાણ. ભૂતાર્થનયે જાણ તો આત્મા (અકર્તા છે) જ્ઞાનરૂપે પર્યાયે પરિણમે છે. તન્મય થાય છે તાદાત્મ્ય, તોપણ ભૂતાર્થનયે જ્ઞાનની પર્યાયને જાણ તો આત્મા એનો કર્તા બને છે? (મુમુક્ષુઃ- નથી બનતો.) બસ! આ ભૂતાર્થ(નય)ને જાણવાની (જ્ઞાનની પર્યાયની) ૧૩ મી ગાથા આવી. ૧૩ મી ગાથા છે આ.

૧૩ મી ગાથામાં સંવર-નિર્જરા ને મોક્ષ છે ને? જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપે સાધક પરિણમે છે, કેવળજ્ઞાનરૂપે પરિણમે છે, આહાહા! પણ ભૂતાર્થનયે કેવળજ્ઞાનને જાણ તો? તો આત્મા કરે છે? આહાહા! (મુમુક્ષુઃ- આત્મા તો કેવળ અકર્તા છે, જ્ઞાતા છે) જ્ઞાતા છે. આહાહા! કરે છે પરિણામ, પરિણામ પરિણામને કરે છે, હું કર્તા નથી. એ જૈનદર્શનનું હાર્દ છે. (મુમુક્ષુઃ- આમાં બે પરાકાષ્ઠા આવી) બેય પરાકાષ્ઠા, બે સત સિદ્ધ થઈ ગયા. (મુમુક્ષુઃ- આત્મા અકર્તા છે એ જૈનદર્શનની પરાકાષ્ઠા છે અને પર્યાયનો કર્તા પર્યાય છે એ કર્તા-કર્મની ચરમસીમા છે) ચરમસીમા છે. એ આ. બોલે કે વ્યવહારે કર્તા, માને નિશ્ચયે કર્તા. માંઇલ્લ ધવલમાં પાઠ છે. (મુમુક્ષુઃ- પણ ભાઈ એવું તો સ્વરૂપ જ નથી) સ્વરૂપ જ નથી. પણ બોલે એવું પણ સ્વરૂપ નથી.

જેવું વચન છે એવું વાચ્ય નથી. વાચ્ય જુદું છે. (મુમુક્ષુઃ- એવું લાગે કે આ અધિકાર જેવો કોઈ અધિકાર જ નથી) કેમકે સર્વવિશુદ્ધજ્ઞાનમાં આવ્યા ને? પહોંચ્યા ને આપણે? સ્વાંગ બધા નીકળી ગયા. મેં તમને બતાવ્યું હતું કે આમાં નિષ્ક્રાંત નહીં આવે. ક્યાંથી આવે નિષ્ક્રાંત સ્વભાવ કોઈ દિવસ? સ્વભાવ છે એ કાંઇ સ્વાંગ નથી, એ તો સ્વભાવ છે. સ્વભાવ કાંઇ નીકળી ન જાય. વિભાવ નીકળી ગયા. મોક્ષ વિભાવ છે એ નીકળી ગયો. એવો જાણનાર છે, અકર્તા એવો જાણનાર છે, અભોક્તા એવો જાણનાર છે. (મુમુક્ષુઃ- અકર્તા છે એટલે જાણનાર છે) એટલે જાણનાર છે.

બે સત સિદ્ધ કરે છે બે સત. ત્રિકાળ સત ને ક્ષણિક સત. ઊપજે છે પણ ઊપજાવતો નથી. દેખે છે છતાં દેખતો નથી. એમ ઉપજે છે છતાં ઊપજાવતો નથી. એમ છે આ. દેખે છે છતાં દેખતો નથી, બોલે છતાં અબોલ, ચાલે છતાં ચાલતો નથી. તત્ત્વસ્થિત અડોલ. એમ પરિણમે છે, ઊપજે છે પણ પરિણામને ઊપજાવતો નથી અને ઉપજતા પરિણામથી તન્મય હોવા છતાં પણ તેનો કર્તા બનતો નથી.

ક્રમબદ્ધ પર્યાયમાં આત્માનું અકર્તાપણું દ્રષ્ટાંતપૂર્વક સમજાવે છે. આ છે ને ભાઈ! એ બહુ ગૂઢ ભાષા છે, ઘણી. ઘણી ગંભીર, દ્રવ્યાનુંયોગ અતિ સૂક્ષ્મ ને ગંભીર છે. (મુમુક્ષુઃ- ઊપજે છે છતાં ઊપજાવતો નથી. તન્મય છે છતાં પણ કરતો નથી) એ આ વાત. ઊપજે છે છતાં ઊપજાવતો નથી. અને તન્મય હોવા છતાં પણ કરતો નથી. એ તન્મય છે...